Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# 'આનર્તની સાંસ્કૃતિક ધરોહર : સહસ્ત્રલિંગ તળાવ અને બિંદુ સરોવર'

**ડૉ.કલ્યાણભાઈ રાયમલભાઈ રબારી**

શ્રી એન.એમ.સાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, શંખેશ્વર

સહસ્ત્રલિંગ તળાવ અને બિંદુ સરોવર આર્નત વિસ્તારમાં આવેલા છે. સહસ્ત્રલિંગ સરોવર એ પાટણ શહેરમાં આવેલું છે. પાટણએ જિલ્લાનું સ્થાન ધરાવે છે. પાટણનું પ્રાચીન નામ અણહિલપુર પાટણ હતું. પાટણની સ્થાપના વિક્રમ સંવત ૮૦૨ ઇ.સ. ૭૪૬ માં ચાવડા વંશના રાજા વનરાજ ચાવડાએ કરી હતી. સોલંકી વંશના રાજા સિદ્ધરાજ જયસિંહે 'સહસ્ત્રલિંગ' સરોવર બંધાવ્યું. જે હાલ નવા પાટણની પશ્ચિમ દિશા તરફ લગભગ ત્રણ કિ.મી. દૂર આવેલું છે. આ સરોવરની ભવ્યતા સમગ્ર ગુજરાતમાં પ્રસરી હતી. સિદ્ધરાજ જયસિંહના સ્મારકનું કલા અને સ્થાપત્યની દ્રષ્ટિએ ઉત્કૃષ્ટ પ્રદાન છે.

તે સમયમાં સિદ્ધરાજ જયસિંહ નામનો રાજા રાજ કરતો હતો. આ રાજા દ્વારા સરસ્વતી નદીના તટપર એક ભવ્ય સરોવસનું નિર્માણ કરવામાં આવ્યુ હતું. જેને આજેય પણ આપણે 'સહસ્ત્રલિંગ' સરોવર તરીકે ઓળખીએ છીએ. તે સમયમાં રાજા સિદ્ધરાજે આ સરોવર બંધાવ્યું હોવાથી તેને 'સિદ્ધિ' સરોવર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સરોવર વિશે લોકવાયકા પ્રમાણે એવું કહેવામાં આવે છે. કે, સરોવરના કાંઠે ૧૦૦૦ શિવલિંગ સ્થાપિત હતા. માટે તળાવનું નામ સહસ્ત્રલિંગ સરોવર એવું નામ પાડવામાં આવ્યું. સિદ્ધરાજ જયસિંહના પુરોગામી શાસક દ્વારા પણ એક જળાશય બાંધવામાં આવ્યું હતું. જે રાજાનું નામ પરથી દુર્લભ સરોવર એવું નામ આપવામાં આવ્યું હતું. કેમકે, એ સરોવરનું નિર્માણ દુર્લભરાજે કરાવ્યું હતું. જેનું વર્ણન હેમચંદ્રાચાર્ય દ્વારા રચિત દ્વયાસયમાં પણ ઉલ્લેખિત છે. પ્રાચીન પાટણમાં દુર્લભરાજે બંધાવેલ 'દુર્લભ સરોવર' સિવાય અન્ય કોઈ સરોવર હોવાનું કે બંધાયેલ સ્થિતિમાં સ્થાપિત હોય તેવું જાણવા મળ્યું નથી. કવિ શિરોમણી બાલચંદ્ર સુરીએ 'દુર્લભરાજ સરોવર' વિશેની માહિતી 'વસંતવિલાસ'માં આપેલ છે. જેમાં લગભગ આ સરોવરને સો વર્ષ થયા હોવાનું જાણવા મળે છે.

સહસ્ત્રલિંગ સરોવરનો આકાર વિશે કેટલાક પુરાતત્વવિદો અને સંશોધકોએ પોતાના અલગ અલગ મતો દર્શાવ્યા છે. ગુજરાતના મધ્યકાળના કવિઓએ તેણે 'વિણાની તંબુડી' સાથે સરખાવે છે અને વલયકુંડળ હોવાનું જણાવ્યું છે. આ 'વલયકુંડળ' આકાર એટલે કે ગોવાકાર અને તેની ચારે બાજુએ પગથિયાવાળા ઘાટ હતા. પુરાતત્વ ખાતા દ્વારા ખોદકામ થતા સ્તૂપ અને ગરનાળા તેમજ તે ઘાટના કેટલાક અવશેષો મળી આવ્યા હતા.

આ સરોવર કેવું હતું તેના માટે કોઈ ગ્રંથકારે તેની વ્યવસ્થિત યોજના ' સરસ્વતીપુરાણ ' સિવાય આપી નથી. સમગ્ર ગુજરાતમાં એક અદભૂત યોજનાવાળું આ સરોવર તેની રચના, કલા, શિલ્પ, સ્થાપત્ય અને હજારો મંદિરોના કારણે પણ અણહિલપુર પાટણ એક ભવ્ય મહાપ્રસ્થાન તરીકે તત્કાલીન પ્રજામાં વધુ પ્રચલિત બન્યું હતું.જૈનમુની હેમચંદ્રાચાર્ય 'દ્રયાશ્રય'કાવ્યમાં આ મહાસરોવરના કાંઠે ૧૦૦૮ શિવમંદિરો,૧૮ દેવીમંદિરો અને એક દશાવતાર મંદિર હોવાનું જણાવ્યું છે. સરોવરની મધ્યભાગે બકસ્થલના મધ્યમાં વિંધ્યવાસિનીનું મંદિર આવેલું હતું. આ મંદિરમાં જવા માટે પશ્ચિમ કિનારે દેવીપીઠમાંથી જવાનું માર્ગ હતો. એને નજીક સરોવર સંપૂર્ણ ભરાય બાદ જળ બહાર કાઢવા માટેનું નિકાસ દ્વારા થતું હતું. ત્યાં મોટો ભાગ હતો એ વનમાં થઈ આ પ્રવાહ સરસ્વતીના મુખ્ય પ્રવાહ માર્ગને આગળ જતા મળતો હતો. આ સરોવરની ચારેબાજુ પગથિયા વાળો ઘાટ હતો અને મુખ્ય માર્ગની આગળ ભવ્ય કીર્તિતોરણ આવેલું હતું. આ સરોવરમાં નહેર અને સરોવરની વચ્ચે ત્રણ રુદ્રકૂપની રચના હતી. નદી તરફના મુખ્ય ભાગે પથ્થરની જાળીવાળા ત્રણ ઘરનાળાની યોજના હતી. આ નદીનું પાણી નહેર માટે થઈને ઘરનાળામાં પ્રવેશતું અને સ્વસ્થ થઈ પ્રથમના રુદ્રકૂપમા આવતું હતું. પાણીમાનો કચરો અને રૂદ્રકૃપમાં તળિયે ઠરતો અને સ્વચ્છ થયેલું પાણી બીજા રૂદ્રકૂપમાં પ્રવેશતું. ત્યા પણ કચરાને ઠરવાનો અવકાશ રહેતો અને છેવટે ત્રીજા રૂદ્રકૂપ થઈને પાણી સરોવરમાં પ્રવેશતું. આ રીતે પાણી અત્યંત શુદ્ધ થઈ નિર્મળ રૂપે સરોવરમાં ભરાતું.પાણીના નિકાલ માટે આવી જ સુંદર વ્યવસ્થા પણ સરોવરના બીજા છેડે રાખવામાં આવી હતી. આ સુંદર ઉપલબ્ધ અવશેષો પરથી સરોવરનો જે વિસ્તાર માલુમ પડે છે. એ જોતા જ લગભગ અડધું પાટણ આ સરોવર પર વસેલું લાગે છે.

આ સરોવરનો વિસ્તાર રૂદ્રકૂપની પૂર્વમાં ઉત્તર કિનારે ચાલી જતી નહેર ૪૫૦ લાંબી છે. જયારે રૂદ્રકૂપથી પશ્ચિમે ૧૩૦૦ ફૂટ સુધી ઉત્તર કિનારો લંબાયેલો જણાય છે. ત્યાંથી વળાંક લઇ પશ્ચિમ કિનારે આવે છે. ત્રણ ગરનાળા પછી ઉત્તર કિનારો આશરે ૫૦ ફૂટ પૂર્વ બાજુએ છે. આ સરોવરના ઉત્તર કિનારાના નીચેનો ભાગ ૧૮૦૦ ફૂટ લંબાઈ ધરાવતો હતો અને આખાય સરોવરની લંબાઈ પહોળાઈ ૩૬૦૦ ચોરસવારની હતી. આથી સહસ્ત્રલિંગ સરોવરની રચના સમચોરસ હતી તેમ કહી શકાય.

ગરનાળા ઉપર ત્રણ દેવકુલેકાઓ બનાવેલી છે. જેની આગળ નાનો રાજપથ બનાવી પથ્થરનો કઠેડો બનાવ્યો છે. તેમ ત્યાં પથ્થરોની અંદર કોતરેલ ખાંચાઓ ઉપરથી જણાય છે. આ ગરનાળાઓ કલા કૌશલ્ય દ્રષ્ટિએ અનન્ય હોય તેમાં કમળપત્રની પાંખંડીઓ કોતરેલી છે. સહસ્ત્રલિંગ સરોવરના શાસ્ત્રકારના મતે ‘પરિધ’ પ્રકારનું મહાસરોવર હતું. જેમા એક બકસ્થલ એટલે સરોવરની મધ્યમાં આવેલ એક મોટો ટેકરો જેના પર મંદિર, મહેલ કે બાગ બગીચો અને ઉપવન બાંધવામાં આવતું હતું. આવા બકસ્થલો પ્રાચીન સરોવરમાં આજે પણ જોવા મળે છે. પ્રાચીનકાળમાં મોટા સરોવરો, નદીના પ્રવાહદ્વારા જ ખાસ કરીને ભરવામાં આવતા હતા. અણહિલ પાટણ એ સરસ્વતી નદીને કિનારે વસેલું હતું. આ સરોવર ખોદાવ્યા બાદ તેમાં જળ માટે સરસ્વતીનો પ્રવાહ આ સરોવરમાં વાળી સરોવરને સમૃધ્ધ બનાવ્યું.

આ સરોવરના કિનારે ચાંદી જેવો સફેદ ઊંચો કીર્તિસ્તંભ શોભે છે કે જાણે આકાશ ગંગાનો પ્રવાહ જાણે નીચે ઉતરતો ન હોય! પાટણના એક શિવાલયમાં એનો ખંડિત ટુકડો શિલાલેખરૂપે સચવાયેલો છે. આ ૧૦૦૮ દેવમંદિરો બંધાવ્યા તે ઉપરાંત સત્રશાળા, દાનશાળા બંધાવી અનેક વિદ્યાર્થીઓ આ સત્ર શાળામાં અને દાનશાળાઓમાં રહેતા. કવિ સોમેશ્વર કીર્તિ કૌમુદીમાં સરોવરની શોભા વર્ણવતા કરે છે કે, ' આ સરોવર રાત્રીના વખતે ત્યાના શિવમંદિરોમાં થતા દિવાઓની અનેક પ્રતિબિંબોથી શોભે છે. આ તળાવ પાસે એક હજાર શિવલિંગો એવી કરામતથી બાંધવામાં આવ્યા હતા કે એક શિવાલયમાં ઘંટ વગાડો શિવાલયના હજાર ઘંટો રણકી ઉઠતા હતા.

આ સરોવરના કાંઠે સિદ્ધેશ્વરનું મંદિર એ દક્ષિણે સરસ્વતીના દક્ષિણ કિનારા પરથી શરૂ કરવામાં આવેલું હતું. આ ઉપરાંત પાંચ મહાસ્થાનો કાકતીર્થ, ગાંધર્વતીર્થ, વરાહતીર્થ, પુષ્કરતીર્થ,

બ્રહ્મકુંડ, વિષ્ણુપાન રૂદ્રકૃપ જેવા દેવોના મંદિરો અને તીર્થો આવેલા હતા. આ ઉપરાંત આ સરોવરના કિનારાપર ૧૦૦૮ શિવ મંદિરો આવેલા હતા. ૧૦૮ દેવમંદિરો પણ હતા. આ સહસ્ત્ર શિવ મંદિરના કારણે જ આ સરોવર સહસ્ત્રલિંગ નામથી વિખ્યાત બન્યું. આને શ્રુતિ 'દ્વયાશ્રય ' કાવ્યમાં જણાવેલ છે.

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકામાં બિંદુ સરોવર આવેલું છે. લોકવાયકા મુજબ સોલંકી શાસક સિધ્ધરાજ જયસિંહે આ સુંદર  નગર વસાવ્યું હતું.સોલંકી કાલીન પ્રસિદ્ધ મંદિરોમાંનું  રુદ્ર મહાલય અહીં આવેલું છે.

સિધ્ધપુર માં આવેલ બિંદુ સરોવર 'માતૃગયા' શ્રાદ્ધ માટે જાણીતું છે. અને પ્રાચીન સરોવરોમાં આ ' બિંદુ ' સરોવરનો સમાવેશ થાય છે. આપણને વાલ્મિકી રામાયણમાં પણ આ સરોવરનો ઉલ્લેખ વાંચવા મળે છે.

લોકકથા મુજબ બ્રહ્માના માનસ પુત્ર કર્દમ ઋષિએ આકરી આરાધના કરેલ એનાથી પ્રસન્ન થઈ સાક્ષાત દર્શન દીધા અને એના નેત્રમાંથી હર્ષના આંસુ પડ્યા એ અશ્રુ બિંદુમાંથી જે સરોવરનું નિર્માણ થયું તે આજનું ' બિંદુ સરોવર '

બિંદુ સરોવરએ માતૃશ્રાદ્ધ માટે તીર્થ તરીકે ભારતભરમાં ખૂબ જ જાણીતું છે. કર્દમઋષિ દેવહુતી અને કપીલ મુનીનો ઇતિહાસ આ સરોવર સાથે જોડાયેલો છે. કપિલ મુનીએ પોતાની માતાનું શ્રાદ્ધ આ બિંદુ સરોવરમાં કર્યું હતું.

પરશુરામે પોતાની માતાનું ઋણ અદા કરવા ' બિંદુ 'સરોવરમાં આવી માતૃશ્રાદ્ધ કરાવ્યું હતું. કપિલ મુનીએ પોતાની માતાની મોક્ષ પ્રાપ્તી માટે અનુષ્ઠાન કર્યું હતું. ત્યાર બાદ આ સ્થાન માતૃ મોક્ષ સ્થાન તરીકે પ્રસિદ્ધ થયું. કપિલ મુનિએ કાર્તિક મહિનામાં અનુષ્ઠાન કરાવ્યું હોવાથી દર વર્ષ કાર્તિક મહિનામાં મેળો ભરાય છે. અને દૂરદૂરથી અનેક લોકો પોતાની માતાની મોક્ષ પ્રાપ્તી માટે શ્રાદ્ધ કરવા આવે છે. પુરાણોમાં આ સ્થાનને પવિત્ર ગણ્યું છે.

બિંદુ સરોવર આશરે ચાલીસ ફૂટ લાંબો અને ચાલીસ ફૂટ પહોળો ધરાવતું સમચોરસ કુંડ છે. અહીંયા વિષ્ણુ ભગવાન, કર્મદ ઋષિ, દેવહુતી અને કપિલ મુનીની મૂર્તિઓ સ્થાપિત કરાઇ છે.

મૂળરાજ પહેલા (સોલંકી)એ પોતાની પાછલી ઉમરમાં બ્રાહ્મણો અને મંત્રીઓ ની સલાહ લઈને આ પવિત્ર ભૂમિ પર પોતાના આત્મશ્રેયાર્થ અગ્નિસ્નાન કર્યું હતું.

પ્રસિદ્ધ લોકનાયક હિન્દી કલાકાર અભિતાભ બચ્ચન તેની માતાનું શ્રાદ્ધ કરાવવા અહી આવેલ. અનેક નામાક્તિ વ્યક્તિએ પોતાની માતાના આત્માને શાંતિ મળે તે હેતુથી શ્રાદ્ધ કરવા માટે આવ્યા.ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૭માં શ્રીસ્થળમાં આ સરોવરની નજીક  સંગ્રહાલય ઉભુ કરવામાં આવ્યું છે. અને અહી આવેલ અનેક શિવ મંદિરો જોવા લાયક છે.

**સંદર્ભ**

૧.' પ્રાચીન અને મધ્યકાલીન ભારતનો ઇતિહાસ',હિરેન કાકડિયા, યુવા યુવા ઉપનિષદ પબ્લીકેશન, આ..૨૦૦૭.

૨.'પ્રાચીન ભારતનો ઇતિહાસ',ડૉ.હરિપ્રસાદશાસ્ત્રી, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,2004